

રમેશ ઠક્કર

## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

ભૂલ થાય, સ્વીકારતાં શીખી લે
અહં છોડી જરા નમતાં શીખી લે

મંઝિલે પહોંચવાં પ્રયાસ કરવો પડે
લગનથી પરિશ્રમ કરતાં શીખી લે

બીજ અંકુરે,છોડ ઉગે ને વૃક્ષ બને
સંતોષ રાખી ધૈર્ય ધરતાં શીખી લે

સફળતાંની કેડી પર કંટકો ચુભશે
સામા પ્રવાહે જરા તરતાં શીખી લે

હારમાં જીતનો પગરવ સંભળાશે
દરેક હાલતમાં હસતાં શીખી લે

- દિલીપ શાહ

### પાથેય

# છેલ્લી પતરાળીનો વૈભવ...

આપણા સહુની હાલત અહીં પંગતમાં બેઠેલા માણસ જેવી છે..પ્રતિક્ષા એ જ જ્યાં એકમાત્ર આધાર હોય એવી પંગત વિશે બૂફેની મિજબાની માણતી આજની પેઢીને કદાચ કોઇ ખબર ના હોય એ સ્વાભાવિક છે..મોટા જમણવાર થતા ત્યારે એમાં હાકલ પડે એટલે ફટાફટ લાઇનમાં બેસી જવા દોડાદોડ થતી..પંગતમાં પહેલા બેસવું એ પરાક્રમ ગણાતું..એમાં ભોજન માટેનો જે પતરાળી મળતી પતરાળી વહેલો તે પહેલોના ધોરણે મળતી.! આમાં કેટલાક સંતોષી જીવ પણ રહેતા જે સૌથી છેલ્લી પંગત સુધી રાહ જોતા...છેલ્લી પતરાળી સુધી ધીરજ રાખવી એ જેવીતેવી વાત નથી..!

સંતોષી નર સદા સુખી...અને ધીરજનાં ફળ મીઠાં એવો આપણા સહુનો અનુભવ છે..ઉતાવળ એક પ્રકારની ભૂતાવળ છે..રઘવાટ એ આખરે તો ઉચાટ બની જતો હોય છે અધીરાઇ એ સૌથી ખરાબ પ્રકારની ઉતાવળ છે !

આજનો માણસ એટલે દોડધામનો માણસ..એને બધું જલ્દી જલ્દી કરી નાખવું છે...એણે ઉતાવળે આંબા પકવવાનું બીડું ઝડપ્યું છે..એને કેરીની મીઠાશનો અનુભવ નથી..એને આકર્ષક દેખાતા બાહ્ય રંગરૂપમાં રસ છે..ઉતાવળ ખોખલાપણાનો પર્યાય બની જાય છે..હમણાં એક નવકવિ મળ્યા એમણે એક હજાર જેટલાં કાવ્યો ગણતરીના દિવસોમાં જ લખી નાખ્યાં છે..મને કહે તમે ઝડપથી વાંચી મને કશુંક લખી આપો..મેં નમ્રતાથી કહ્યું.."મને એકાદ મનગમતું કાવ્ય વાંચવામાં અને વાગોળવામાં મહિનાઓ થાય છે..!" એ ઝડપથી નિરાશ પણ થઈ ગયા !

ચીવટ કે ધીરજ આજે વેદિયાપણામાં ખપી જાય છે..પાણીના પરપોટા જેવો પુરૂષાર્થ ઘડીકમાં સપાટી ઉપર સળવળી એટલી જ ઝડપથી શાંત પડી જાય છે..માણસને ડગલું ભરવામાં રસ નથી..સીધા ટેઇક-ઓફ થવાની તાલાવેલી છે..રાતોરાત ધંધો જમાવવો છે..એ જ રીતે ભણી લેવું છે..જલ્દી નામના મેળવી લેવી છે..બસ બધું ફટાફટ કરવું છે..પણ કુદરતની વ્યવસ્થામાં એવું નથી..વૃક્ષો જલ્દી જલ્દી ઉગતાં નથી..વરસાદ રાતોરાત પડતો નથી..નદીઓ એકાએક વહેવા માંડતી નથી..એનો આ શાશ્વત ભાવ એટલે જ આપણને ગમે છે..ઉતાવળે દોડતો માણસ રઘવાટ સિવાય કશું જ પામી શકતો નથી..કવિ નિરાંતના નિતર્યા નીર જેવી ફિલસૂફી સરળ શબ્દોમાં રજૂ કરે છે..છેલ્લા રહેવામાં ધીરજની સાથે એક શાણપણ પણ રહેલું હોય છે.

# ચૌદ વર્ષના છોકરાને એવું લાગવા લાગ્યું હતું કે લાઈફમાં કંઈ નથી



## સ-રસ

મમતા બુચ

"જ્વલંત, આને તમે સાથે લઈ જાવ. અહીં એ સાવ આમ બેસી રહે એ મને ગમતું નથી." કહેતાં દ્યુતિનું મોઢું પણ પડી ગયું હતું. અને એનું કારણ પણ હતું. અનંતના મોંઢે વારે-વારે એક જ વાત આવતી હતી, "મમ્મા, લાઈફમાં કંઈ રહ્યું નથી. આવી લાઈફ જીવીને શું કરવાનું?"

મા-બાપ એ જાણીને નવાઈમાં પડી ગયાં હતાં કે ચૌદ વર્ષના છોકરાને એવું લાગવા લાગ્યું હતું કે લાઈફ સાવ નીરસ છે! ચૌદ વર્ષ એટલે તો ટીનએજ! નવું-નવું જાણવા અને અનુભવવાનો રોમાંચ હોય, આંખોમાં સ્વપ્નાં ઉછાળા મારતાં હોય, સાત સમુંદર હોડી વગર તરી જવાનો જોશ હોય- અને અનંતને લાઈફ પૂરી થઈ ગઈ હોય એવું લાગતું હતું!

બીજી બાજુ ડર પણ લાગતો હતો કે અનંત સાવ બીજા છેડાનું વિચારવા લાગ્યો હતો કે આવી લાઈફ જીવવી એના કરતાં એનો અંત આવી જાય તો સારું! દ્યુતિનું હદય ધબકારો ચૂકી જતું હતું જ્યારે દિકરો આવું નિરાશાજનક ઉચ્ચારતો હતો. જ્વલંતને કામમાં જીવ ચોંટતો નહોતો જ્યારે અનંતનો ચહેરો અનંતપણે ગ્લાનિ જ દર્શાવ્યા કરતો હતો.

એવું તો નહોતું કે અનંત પહેલેથી જે આવો હતો. બાળપણમાં એ ઘણો રમતિયાળ અને હસમુખો હતો. જ્વલંત અને દ્યુતિ પોતાને દુનિયાનાં સૌથી ખુશનસીબ મા-બાપ સમજતાં હતાં. પણ છેલ્લાં કેટલાંક વર્ષથી એક વિચિત્ર પ્રકારની માનસિકતા એને ઘેરી વળી હતી. લાખ વાનાં કરવા છતાં એ ખુશ નહોતો રહેતો. કોણ જાણે ક્યું ભેદી કારણ હશે એ વિચારી-વિચારીને મા-બાપની જિંદગી પણ દિકરાની આસપાસ જ સીમિત થઈને રહી ગઈ હતી.

જ્વલંત અને દ્યુતિ બંને સુશિક્ષિત અને સમજદાર હતાં. જ્વલંત સિવિલ એંજિનિયર હતો અને એક મિત્ર સાથે મળીને એણે બિલ્ડીંગ કન્સ્ટ્રક્શનનો વ્યવસાય ચાલુ કર્યો હતો. અનંતનાં પગલાં એની જિંદગીમાં જ્વલંત સફળતા લઈને આવ્યાં હતાં. દિકરાના જન્મ પછી લક્ષ્મીદેવીના આશીર્વાદ એવા વરસ્યા હતા કે ધીમે-ધીમે બિલ્ડીંગ કન્સ્ટ્રક્શનમાં એના નામનો સિક્કો પડવા માંડ્યો હતો. મોટા-મોટા માણસોને મળવું, નામાંકિત વ્યક્તિઓની ઓફિસ અને ઘરમાં આવનજાવન રહેવી- આ બધું એના જીવનનો ભાગ બની ગયું હતું.

તો સામે પક્ષે દ્યુતિ પણ આર્કિટેક્ચરનું ભણી હતી. પહેલાં તો પતિનો બિઝનેસ જમાવવામાં એણે પણ ફાળો આપ્યો હતો કારણકે અનંત નાનો હતો એટલે એને સાથે લઈને પણ એ પતિની ઓફિસમાં જતી હતી. પણ પછી અનંત મોટો થયો, મોટાં ધોરણમાં ભણતો થયો એટલે એક જવાબદાર માતાની જેમ એણે અનંતની ફૂલ-ટાઈમ સંભાળ લેવાનું શરૂ કર્યું અને બિઝનેસમાંથી મુક્ત થઈ. જ્વલંતને પણ એનો કોઈ વાંધો નહોતો. પિતા તરીકે એ પણ ઈચ્છતો હતો કે એના બાળકની પૂરતી સંભાળ એની મા જ લે. અને સાચું પૂછો તો હવે એને બિઝનેસમાં દ્યુતિની ખાસ જરૂર પણ નહોતી રહી. બિઝનેસ હવે ખાસ્સો જામી ગયો હતો.

એટલે ઘરમાં રાચ-રચીલું, નોકર-ચાકર- કોઈ વાતની કમી નહોતી. દ્યુતિ ચોવીસ કલાક અનંતની કાળજી રાખતી હતી. જ્વલંત પણ સમયસર ઘરે આવી જતો હતો. દર વર્ષે બે વેકેશન માણવામાં આવતાં જેમાં દૂર-દૂર ફરવા જવાનું, સારામાં સારી હોટેલોમાં રહેવાનું અને મોજ-મજા કરીને પાછા આવવાનું. ક્યારેક જ્વલંતના મિત્રો અને એમનું કુટુંબ પણ એમાં સાથે હોય. ટૂંકમાં, "ક્વોલિટી લાઈફ" કોને કહેવાય એનું ઉદાહરણ જ્વલંત પાસેથી મળે.

શહેરની સારામાં સારી ગણાતી સ્કૂલમાં અનંત અભ્યાસ કરતો હતો. ભણવામાં પણ સારો હતો. અને મા-બાપે પોતાનાં સ્વપ્નાંઓનો બોજ પણ એની ઉપર નહોતો નાખ્યો. તો પછી શું કારણ હોઈ શકે કે અનંત ખુશ નહોતો રહેતો?

એક વાર તો દ્યુતિએ ધીમેથી પતિની આગળ પોતાનાં મનમાં રમતી વાત પણ કરી હતી, "જ્વલંત, અનંત હજી કિશોરાવસ્થાના ઉંબરે ઊભો છે. ક્યાંક એવું તો નહીં હોય ને કે એને કોઈક છોકરી ગમી ગઈ હોય અને પછી એ એને છોડીને ચાલી ગઈ હોય....અને એને જીવન આકરું લાગવા લાગ્યું હોય!" જ્વલંતને પણ વાતમાં તથ્ય લાગ્યું હતું. પોતે ભણતો હતો એ સમય જુદો હતો અને અત્યારનો સમય જુદો છે. અત્યારે ચૌદ વર્ષનો કિશોર પણ ચોવીસ વર્ષના યુવાન જેટલું "જ્ઞાન" ધરાવે છે એ એ સમજતો હતો. એટલે એણે દ્યુતિને સૂચવ્યું કે એ અનંત ઉપર નજર રાખે પણ એને ખબર ન પડે એમ! પણ દ્યુતિએ વગર કહ્યે એ કામ ચાલુ કરી જ દીધું હતું!

પણ એને ક્યાંય અનંતની નોટબુકમાં, મિત્રો સાથે ફોન પરની વાતચીતમાં કે લેપટોપમાં કશું ય વાંધાજનક મળ્યું નહોતું. ફક્ત અનંતનો નિરાશાનો સૂર વધતો જતો હતો.

જ્વલંતે એના ખાસ મિત્રને આ વાત કરી ત્યારે એણે સૂચવ્યું કે એ એની સ્કૂલના પ્રિન્સિપલને આ વાત જણાવે. શક્ય છે કે એના ટીચર્સમાંથી કોઈને કંઈ ખ્યાલ હોય. કદાચ કોઈ છોકરીનું ચક્કર હોય કે કોઈ માથાભારે છોકરો એને પરેશાન કરતો હોય એવું પણ બને.

એ ઉપાય પણ કરી જોયો. પણ સ્કૂલમાંથી તો વળી અનંત માટે ખૂબ સારો અભિપ્રાય આવ્યો. અભ્યાસ સિવાય કોઈ બીજી બાબતોમાં એ પડતો નથી એમ જણાવવામાં આવ્યું. દોરામાં ગાંઠ ક્યાં વળી છે એ જ સમજાતું નહોતું.

એક વાર તો જ્વલંતને અનંતને કોઈ સારા સાઈકયાટ્રિસ્ટને બતાવવાનો વિચાર પણ આવ્યો. પણ દ્યુતિને એ વાત જ હજમ નહોતી થતી કે એના દિકરાને કોઈ માનસિક રોગી કહે. અને માનસિક પરેશાની રહે એવું કોઈ કારણ જ ક્યાં હતું?

ગમે તે હોય પણ અનંતને "ગમે" તેવું જીવન નહોતું લાગતું એ વાત નક્કી હતી. એટલે જ કંટાળીને દ્યુતિએ જ્વલંતને આજે અનંતને સાથે લઈ જવા આગ્રહ કર્યો હતો. જ્વલંતે દિકરાને કારમાં સાથે લીધો. ઘરથી ઓફિસ થોડી દૂર હતી. રસ્તામાં અવનવી જગ્યાઓ બતાડતાં એણે અનંતને આનંદમાં લાવવાનો પૂરો પ્રયત્ન કર્યો પણ અનંત જેનું નામ! એના ચહેરા ઉપર આનંદનો અણસાર નહોતો. 'મેકડોનાલ્ડસ'માંથી એને ભાવતું વેજ બર્ગર પણ લઈને ખવડાવ્યું. પણ જે ચમક એના ચહેરા ઉપર આવવી જોઈતી હતી એ ગાયબ હતી.

અંતે આલીશાન ઓફિસમાં પહોંચીને જ્વલંત કામે વળગ્યો. પણ દિકરાને ખાવા-પીવા જે પણ જોઈતું હોય એ મંગાવી લેવા એણે એના માણસોને તાકીદ કરી. અનંત મેગેઝિનનાં પાનાં ઊથલાવતો રહ્યો પછી એ એના ડેડીની મોટી ગ્લાસ-વિન્ડો આગળ ઊભો રહીને શૂન્યમનસ્ક નજરે બહાર તાકી રહ્યો.

ત્રણેક કલાક પછી જ્વલંતનું ધ્યાન ગયું કે અનંત ઓફિસમાં નહોતો. બહુ શોધ-ખોળ કરવા છતાં એ ક્યાંય ન મળ્યો. અચાનક જ્વલંતની નજર ગ્લાસ-વિન્ડો ઉપર પડી. એ ખુલ્લી હતી. એને ફાળ પડી. અનંત કહ્યા કરતો હતો કે એને આ જિંદગી અકારી લાગે છે. તો શું એણે બારીમાંથી કૂદીને......? જ્વલંત થથરી ગયો. ગાંડાની માફક એણે દોડાદોડ કરી મૂકી. ઓફિસમાં જેટલા હતા એ બધાને એણે અનંતની શોધમાં લગાડી દીધા. એ પોતે નીચે ઉતરીને એને શોધવા લાગ્યો.

પણ આસપાસમાં ક્યાંય અનંતનો પત્તો નહોતો. જ્વલંત રડવા જેવો થઈ ગયો. ત્યાં જ ઓફિસથી થોડે દૂર કાદવમાં રમતાં સાત-આઠ છોકરાંમાંનો એક છોકરો એની પાસે આવ્યો. જ્વલંતની સામે જોઈને એ ખડખડાટ હસી પડ્યો, "ડેડી, મને ન ઓળખ્યો ને? સોરી, તમને કહ્યા વગર આ લોકોને રમતાં જોઈને હું દોડી ગયો. કારણકે હું તમને પૂછત તો તમે મને આમ રમવા દેત? તમે અને મમ્મા મારી એટલી બધી કેયર કરો છો કે આવો આનંદ તો હું ભૂલી જ ગયો હતો. લાઈફ કેટલી સરસ છે, નહીં ડેડી?" જ્વલંતને પહેલી વાર લાગ્યું કે બહુ જ "હાઈ-ફાઈ" અને "સોફીસ્ટિકેટેડ લાઈફ" કરતાં ક્યારેક કેયરફ્રી અને ક્રેઝીની જેમ જીવવાની પણ મજા છે!

- mtabuch150@gmail.com

# એ મન હવે તું જ કહે, તારે આખરે જોઈએ છે શું?



## નખરાળી જિંદગી

નિયતી કાપડીયા

એકવાર એક કવિએ ખૂબ સુંદર પ્રેમ કાવ્યની રચના કરી. કાવ્ય લખાઈ ગયા બાદ એને થયું કે આટલું સુંદર પ્રેમકાવ્ય મેં લખ્યું છે એની જાણ બધાને થવી જોઈએ. હવે એ સમયે સોશ્યલ મીડિયા તો હતું નહીં કે કવિ તરત એનું કાવ્ય કોઈક પ્લેટફોર્મ પર પોસ્ટ કરી દે અને વાચકો આવીને વાંચી લે. કાવ્ય બધાને પહોંચાડવું છે એ નક્કી હતું એટલે પછી કવિએ એક નવો રસ્તો વિચાર્યો...

કવિએ એ કાવ્યની નકલ બીજા કાગળો પર ઉતારી અને પછી એને ટપાલ ખાતામાં લઈ જઈ ઓળખીતા પાળખીતાને ટપાલ મારફત મોકલી આપ્યું, પોસ્ટ કર્યું. એણે જેટલા પણ લોકોને એ ઓળખતો હતો એ સૌને કાવ્ય લખીને મોકલી આપ્યું હતું. કવિનો એ કાવ્ય લખેલો પત્ર એની વરસો પહેલાં જુદી થઈ ગયેલી પ્રેમિકાને પણ પહોંચ્યો હતો. એ સ્ત્રીએ સુંદર પ્રેમકાવ્ય વાંચ્યું અને એને થયું કે અરે, આ કાવ્ય તો મારા માટે જ લખાયું છે. એ હજી મને ચાહે છે. ખરેખર ચાહે છે. સ્ત્રી ખૂબ રાજી થઈ ગઈ અને એણે તરત વળતો જવાબ લખીને કવિને મોકલી આપ્યો.

એણે લખ્યું હતું કે, આપણને છૂટા પડે વરસો વીતી ગયા. મને તો એમ કે તું મને ભૂલી ગયો હોઈશ પણ ના, હું ખોટી હતી. તું મને હજી યાદ કરે છે. મારી યાદમાં તું સુંદર કાવ્ય રચી શકે છે. તારી આ લાગણી મને સ્પર્શી ગઈ છે. તારી કવિતાનો એક એક શબ્દ મારા હદયને ભીંજવી ગયો છે.

કવિને જવાબી પત્ર મળ્યો ને એ વાંચી કવિ દુઃખી થઈ ગયો. એણે પછી સામે બીજો પત્ર લખ્યો. એણે લખ્યું કે, માફ કરશો દેવી મેં જે કાવ્ય લખ્યું છે એ દુનિયાના સમગ્ર પુરુષોના મનમાં પ્રેમનું જે ગીત ચાલી રહ્યું છે એને વ્યક્ત કરવા, એક પુરુષની એની પ્રેમિકા માટેની તડપને વર્ણવવા લખ્યું હતું. એને આપણા વરસો પહેલાં સંબંધ કે તમારી સાથે કોઈ નિસ્બત નથી. તમને મારું કાવ્ય કેવું લાગ્યું એ વિશે બે શબ્દો લખી મોકલો તો મને આનંદ થશે!

એ સ્ત્રીને કવિનો પત્ર મળ્યો. એનું લખાણ વાંચી એણે માથું ફૂટ્યું અને વળતો જવાબ લખ્યો. એણે લખ્યું કે, તું એક નંબરનો જુઠ્ઠો અને ઢોંગી માણસ છે. પોતાને કવિ કહેવડાવે છે પણ તું કવિ કહેવડાવવાને લાયક નથી. જે પ્રેમની તું વાત કરે છે, જે પ્રેમિકાને ઉદ્દેશીને તું કાગળો ભરે છે એ તારી સાચુકલી પ્રેમિકા પ્રત્યે તને સહેજે લાગણી નથી તો તું પ્રેમનું કાવ્ય કેવી રીતે લખી શકે? તારી કાગળ પર ઠલાવેલી બધી લાગણીઓ ઠાલી કલ્પનાઓ છે. એને વાસ્તવિકતા સાથે કોઈ સંબંધ નથી. તું પણ જુઠ્ઠો છે અને તારી કવિતાઓ પણ જુઠ્ઠી! મહેરબાની કરીને આજ પછી મને આવા કાગળ નહિ મોકલતો હું એને વાંચ્યા વગર જ ફાડીને ફેંકી દઈશ.

કવિએ પત્ર વાંચ્યો અને નિરાશ થઈ એને ફાડીને ફેંકી દીધો. એને એમ કે એક જાહિલ સ્ત્રી ભલા પ્રેમકાવ્યમાં શું સમજી શકવાની? પોતે એને કાવ્ય મોકલી આપ્યું એ જ એક મોટી ભૂલ હતી.

ખલીલ જિબ્રાન સાહેબની એક લઘુવાર્તા પરથી પ્રેરાઈને મેં ઉપરનો પ્રસંગ ઉપજાવી કાઢ્યો છે પણ મને એમ થાય કે એ જે ત્યારે સાચું હતું એ આજે પણ એટલું જ સાચું છે. કવિના મનની કવિ જ જાણે છે અને પ્રેમિકાના મનની પ્રેમિકા જ સમજે છે. કવિને કાવ્ય રચવું છે, કવિતામાં ઘૂસીને પ્રેમ કરવો છે, કાગળ પર પ્રેમિકાને બાહોમાં ભરી વરસાદમાં પલળવું છે પણ જો એ જ પ્રેમિકા સાચુકલી સામે આવીને ઉભી રહે તો એને એ નથી ગમતું!

માણસ કદાચ આ પૃથ્વી પર આવ્યો ત્યારનો જ નર્યો દંભી છે. એને ખબર જ નથી કે એને આખરે જોઈએ છે શું? એ નવરો હોય ત્યારે એને પ્રેમ કરવાનું મન થાય છે. જ્યારે એના જીવનમાં પ્રેમ આવે છે, ત્યારે એને સફળ થવાનું યાદ આવે છે. એ પોતાની જાતને પ્રેમના ચક્કરથી દૂર રાખી કારકિર્દી બનાવવા લાગી પડે છે. સફળતા મળ્યા બાદ કે એ માટેના પ્રયત્નો કરીને થાકી જાય ત્યારે ફરી પાછો એને પ્રેમ યાદ આવે છે.

તમને થશે કે ઠીક છે માણસ સફળ થાય ત્યાર બાદ પ્રેમ કરે અને જીવનમાં ઠરીઠામ થાય તો એમાં ખોટું શું છે? ખોટું તો કંઈ નથી પણ એ ઠરીઠામ થાય તો ને! એક વાર સફળતાનો સ્વાદ ચાખી ગયેલ માનવ પછી શાંતિથી જીવી શકે છે ખરો? એને માટે બાકીનું આખું જીવન નાના નાના ટાર્ગેટમાં વિભાજિત થઈ ગયેલું હોય છે અને એ ટાર્ગેટ પૂરા કરવામાં જ એ બાકીનું આખું એનું જીવન રચ્યો પચ્યો રહે છે. પચીસમાં વરસે જોઈતી નોકરી કે ધંધો, ત્રીસ પહેલાં એક સુંદર સ્ત્રી સાથે લગ્ન, બત્રીસમાં વરસે મોંઘી ગાડી, પાંત્રીસમાં વરસે એક બાળક, ચાલીસ પહેલાં પોતાનો બંગલો, પચાસ પૂરા થાય એ પહેલાં ફોરેન ટુર... આ ટાર્ગેટ તો એ યેનકેન પ્રકારે પુરા કરી લે છે પણ એને પૂરા કરવામાં એ પોતે જીવવાનું ભૂલી જાય છે!

જેમ એક કવિ પ્રેમના ગીતો જેટલી સારી રીતે લખી શકે છે એટલો જ સારી રીતે એ પ્રેમ પણ કરી શકે એ જરૂરી નથી એમ જ વ્યવસાય અને કૌટુંબિક જીવન બંનેમાં જે જોઈએ તે મેળવી લેનાર માણસ પણ જેટલો આપણને દેખાય એટલો સુખી હોય એ જરૂરી નથી. મૂળ વાત એટલી કે આજના મોટા ભાગના માનવીને ક્યાંક કોઈ વાતે સંતોષ નથી મળતો, સતત કાંઈક મેળવવા ભાગતા રહેવું એ જ જાણે એની નિયતિ છે.

આવું કેમ? હવે તમે મને પૂછશો તો હું મને આવડે એવો જવાબ ચોક્કસ આપીશ. આપણે કહીએ છીએ ને કે આપણે સૌ ઈશ્વરનો અંશ છીએ. આપણા સૌના હૃદયની અંદર ક્યાંક એક ખૂણે સ્વયં પરમેશ્વર છુપાઈને બેઠા છે. એ જ પરમેશ્વર જેમણે આ સમગ્ર સૃષ્ટિની રચના કરી છે અને આપણે એમનો અંશ છીએ મતલબ કે સર્જન કરવાની, કાંઈક નવું ઉત્પન્ન કરવાની થોડીક ઈચ્છા આપણામાં પણ છે. બધો ખેલ એ ઈચ્છાનો જ છે. તમે કંઈ સર્જન કરવા લાગી પડો, સારું ખોટું જે આવડે એ તમારા મનનો મોરલો રાજી રાજી ના થાય તો કહેજો...

અહીંયા સર્જન કરવું એને વિશાળ અર્થમાં લેજો...કોઈક ને ભરપૂર ચાહીને એ પ્રેમના ફળ સ્વરૂપે એક બાળક પેદા કરવું એ પણ એક સર્જન છે. કાગળ પર બીજાના હૈયાને વલોવી જાય એવા શબ્દો લખી નાંખવા એ પણ સર્જન છે અને ઢગલો રૂપિયા કમાઈ તિજોરીઓ ભરવી એ પણ એક ટાઈપનું સર્જન જ છે... : )

અહીંયા હું તમને જિંદગી કેવી રીતે જીવવી જોઈએ એની સલાહ આપું અને તમે એનો અમલ કરો એનો અર્થ તમે મેં ખાઈને ફેંકી દીધેલ કેરીના ગોટલા પર સંશોધન કરી રહ્યા છો. તમારે જો ખરેખર જણાવું હોય કે કેરી ખાવાની શી મજા આવે તો તમારી કેરી તમારે જાતે જ ખાવી પડશે!

**અમસ્તું,**

જેને એમ લાગતું હોય કે પુસ્તકો વાંચીને અમે સુધરી જઈશું એમને હું કહીશ કે ફક્ત વાંચવાથી મેળ નહિ પડે, વાંચેલું વિચારી એને અમલમાં પણ મૂકવું પડશે.

- @Niyati Kapadia

# આપણે આપણી જાતને સિદ્ધ કરવાની છે, પ્રસિદ્ધ તો લોકો જ કરશે..!!



## લાગણીનો મેળો

રસિક વાળંદ

સોનાની તો સાંકડી ગલી, હેતુ ગણતું હેત,
દોઢિયા માટે દોડતા એમાં જીવતા જોને પ્રેત.
માનવી ભાળી અમથું અમથું આપણું ફોરે વ્હાલ,
નોટ ને સિક્કા નાખ નદીમાં, ધૂળિયે મારગ ચાલ.

- મકરંદ દવે

★★★

આખું જગત રૂપિયાના તાલે નાચવા લાગ્યું છે.અહર્નિશ બસ પૈસા...પૈસા..ને..પૈસા જ...

નાણાંઘેલો માણસ માણસ નથી...એતો જીવતો પ્રેત..! એના હેતમાં યે હેતુ હોય...એટલે સૌ વાત વાતમાં કહેતા હોય છે..." લાલો લાભ વિના ન લોટે." આજનો માણસ એટલે હિરણ્યાક્ષ...એની આંખમાં સોનું...સોના (પૈસા ) સિવાય બીજું કંઈ દેખાતું જ નથી. પૈસા એ માનવ્યનું પોત સાવ પાતળું કરી નાખ્યું. વ્યક્તિ અને સમષ્ટિ જીવન લૂખું સૂકું ને બરછટ થઈ ગયું. નિરપેક્ષ અને નિરાકાંક્ષ પ્રેમની તો કલ્પના કરવી રહી..

પૂ.પાંડુરંગ શાસ્ત્રીજી એમના પ્રવચનમાં કહેતા હોય છે, " આજે વિજ્ઞાન અને ટેકનોલોજી ચરમ સીમાએ પહોંચી છે.માનવ યંત્રામય બન્યો છે.સતત યંત્રોના સંપર્કથી તેનું જીવન જડ,ભાવશૂન્ય ,સ્વાર્થપરાયણ, ભોગવાદી અને ભૌતિકવાદી માનવનું આજે અધઃ પતન થયેલું જોવા મળે છે. વ્યક્તિગત જીવન ચિંતા ,ઉદ્વિગ્નતા અને નિરાશાથી ભરેલું છે.ત્યાગ, તપ,સ્નેહ અને સહકારના પાયા પર ઊભેલા કુટુંબજીવનમાં આજે ભાવ કરતાં ભોગને, ધર્મ કરતાં ધનને અને સ્નેહ કરતાં સ્વાર્થ જ કેન્દ્રમાં આવી ગયો છે.સૌ લોટ, વૉટ અને નોટ ભેગા કરવામાં જ વ્યસ્ત છે. યેનકેન પ્રકારે પૈસા ભેગા કરવા ને ભોગો ભોગવી લેવા ...આ જ એનું જીવનશાસ્ત્ર ...એનાથી આગળ એની વિચાર દૃષ્ટિ પહોંચતી જ નથી...એ વિચારતો જ નથી.અને એના સિવાય કંઈ કરવા જેવું લાગતું પણ નથી...બસ " ખાવો,પીવો ને મજા કરો" ..કાયદો એની ગતિ ,વાયદો તેનું જીવન અને ફાયદો તેનો વ્યવહાર...આ જ એનું જીવન દર્શન..!! " -- સાંપ્રતનું આ નગ્ન ચિત્ર..!!

સવારના નાહ્યા વગર અને ગાળ્યા વગર દૂધ ન જ પીવાનો દાવો કરનારા આપણા ( કહેવાતા !) ધાર્મિક ભકતજનો કોઈનું લોહી પીતાં અચકાય છે ખરા ?!! નજીવા સ્વાર્થ માટે બીજાને નવડાવનારા અને રાતે પાણીએ રોવડાવનારા ઓનો કોઈ તોટો ખરો ?!

દોસ્તો, આ સૃષ્ટિ મૂલ્યનિષ્ઠ માણસોની મહાનતાથી શોભે છે.સિદ્ધાંતો સામે સંપત્તિ તુચ્છ ગણનારા લોકો જ સમાજમાં આ સૃષ્ટિની શાન વધારે છે. આજે સૌને એક જ ધૂન ઉપડી છે...વધુ પૈસો...ઝડપી પૈસો..અને ગમે તે માધ્યમથી પૈસો મેળવો...આ ત્રણ ભયંકર વિશેષણોથી બચવું રહ્યું. એવું કહેવાય છે કે , અનીતિ ને અન્યાયથી મેળવેલું ધન દશ વર્ષ સુધી ટકે છે...અગિયારમું વર્ષ આવતાની સાથે સમૂળગું નાશ પામે છે. આજે તો અયોગ્ય માર્ગે સોનાની લગડીઓ ,ધનના ઢગલા કે નોટની પેટીઓ ભરનારા વધ્યા છે... આવું ધન - પૈસો સુખ - શાન્તિ ક્યાંથી આપી શકે? હરામની કમાણી જેને લૂંટીને મેળવી છે તેના નિસાસા તેને જંપવા દેશે ખરા ?!

ભગવાન સ્વામી નારાયણે ધનાઢ્ય ગૃહસ્થોને બોધવચન પાઠવ્યું છે કે, " તમારું વિત્ત પરોપકારમાં, અનેક જીવના રૂડા માટે , ભલા માટે, પ્રેય અને શ્રેય માટે વાપરશો તો ભગવાન રાજી થશે.પ્રભુને એમ થાય કે, મેં ધન આપ્યું એ સાર્થક થયું છે.ભગવાનની પ્રસનનતા પણ એવા શુચિ શ્રીમાન ઉપર ઉતરે છે."

છેલ્લે, સ્વામી શ્રદ્ધાનંદનો એક પ્રસંગ યાદ આવે છે, " સ્વામી શ્રદ્ધાનંદ એક વખત એક શ્રીમંત ને ઘેર ભોજન માટે પધાર્યા હતા.જમી પરવારીને સૌ બેઠા.ધર્મ ચર્ચા ચાલતી હતી.એવામાં એક ભાવિકજને પૂછ્યું, ' સ્વામીજી , તમે ઈશ્વરની વાત કરો છો પણ જગતમાં ઈશ્વર તો ક્યાંય દેખાતો નથી.'

સ્વામીજી હસ્યા, થોડીવાર થોભીને કહ્યું, 'તમારી વાત સાચી છે.' ' તો પછી લોકો ઈશ્વરમાં કેમ માને છે? '

સ્વામીજીએ એ ભાઈને એક કાગળ અને પેન્સિલ લાવવા કહ્યું, પેલા ભાઈએ કાગળ અને પેન્સિલ સ્વામીજીને આપ્યા. સ્વામીએ કાગળ પર લખ્યું, " ઈશ્વર. " પછી પેલા ભાઈને પૂછ્યું આ શું છે ? તેણે કહ્યું, " ઈશ્વર " સ્વામીજીએ કહ્યું, હવે એક રૂપિયો લાવો, પેલા ભાઈએ ખિસ્સામાંથી એક રૂપિયો કાઢીને આપ્યો, સ્વામીજીએ ' ઈશ્વર" શબ્દ લખ્યો હતો તેના પર રૂપિયો મૂકી દીધો અને પેલા ભાઈને પૂછ્યું, હવે ઈશ્વર ક્યાં છે ? પેલા ભાઈએ ભોળાભાવે કહી દીધું કે, " પેલા રૂપિયા નીચે."

સ્વામીજીએ કહ્યું, ભાઈ, ઈશ્વર આ જગતમાં રૂપિયા નીચે ઢંકાઈ ગયો છે. ધન હેઠળ ધર્મ અને ઈશ્વર બન્ને દબાઈ ગયા છે.ધન મેળવવું એ સૌનો હક છે ને ફરજ પણ...પરંતુ ધન ધર્મની મર્યાદામાં રહી કમાવું જોઈએ.ધર્મને ભૂલીને ધન કમાવવાની ઘેલછા એ અધર્મ છે.

ભાગવત પુરાણમાં અર્થ પ્રાપ્તિનાં પાંચ સાધન ગણાવ્યા છે, માબાપના આશીર્વાદ ,ગુરુકૃપા, ઉદ્યમ - પુરુષાર્થ, પ્રારબ્ધ અને ઈશકૃપા .આ પાંચ સાધનોની મહત્તા સમજી નૈતિક અને મૂલ્યનિષ્ઠ જીવન જીવી વ્યક્તિ સરળતાથી ધ્યેય પ્રાપ્ત કરી શકે પરંતુ આજના માણસના ભેજામાં આ ઉતરતું નથી એ તો પોતાની હોંશિયારી અને કુશળતાના જોરે મેળવવા મથે છે...તેથી જ નિષ્ફળતાને વરે છે...સુખ શાન્તિથી વેંત છેટું રહી જાય છે...!!

સ્પર્શમણિ :-

સંતોષ સાથે સૂવું ,અરમાન સાથે ઉઠવું અને સ્વમાન સાથે જીવવું એ જ સાચી જિંદગી...!

● ● ●

આપણે આપણી જાતને સિદ્ધ કરવાની છે, પ્રસિદ્ધ તો લોકો જ કરશે..!!

● ● ●

rasikvaland1965@gmail.com
9913426949